


"ખરૂ થયું સાહેબ હો..!"

"શું થયુ પાછુ તમને..?!"

"સાહેબ... વાંચ્યુ નહીં..?! વિકાસદર તળિયે બેઠો, તળિયે..! ગરજી ગરજીને બોલતા'તા... આઠ ટકા લઈ જઈશુ ને સાડા આઠ ટકા લઈ જઈશુ..!! સાત ટકાએ જાળવી ના શક્યા..!"

"ઓ... હો... હો... તમે તો જાણે ધરતીકંપ થયો હોય અને ધ્રાસકો પડે તેવી વાત કરો છો..! આ તો અર્થશાસ્ત્રીઓના ગણિત છે... આજે આમ થાય તો કાલે તેમ થાય... આમાં આટલો હોબાળો શાનો..?!"

"કેમ સાહેબ..?! વિકાસ-વિકાસ-વિકાસ...ની વાતો કરી કરીને તો આપણે ચૂંટણીઓ જીતીએ છીએ... સત્તા ભોગવીએ છીએ... અને વિકાસનો દર તળીયે છે..! શાનો વિકાસ..?! કેવો વિકાસ..?! કોનો વિકાસ..?!"

"ખરા છો તમેય..!! જીડીપીના આંકડા પર તો આટલુ બધુ ગાજવાનું ના હોય..! આ તો આંકડાની રમત હોય છે ભાઈ..!"

"સાહેબ..! છોકરા ના સમજાવો... આ આંકડા સરકારના જ છે..! અને ગાજવાનું તો તમારા ત્યાં છે..! ગાજે ગુજરાત... ગર્જે ગુજરાત... જેવા નાટકીય સૂત્રો તમારા ત્યાં જ ઉદ્‌ભવે છે..."

"કેમ એમાં ખોટુ શું છે..?! તમને તો સૂત્રોમાંય વાંધો પડે છે..?! અમે વાંચે ગુજરાત... રમશે ગુજરાત... ગાશે ગુજરાત... આવા સૂત્રોથી કેટલો ફરક પાડ્યો છે..?!"

"શું ધૂળ ફરક પડ્યો છે..?! ગામેગામ પુસ્તકાલયો થયા..?! બધા પુસ્તકો વાંચતા થઈ ગયા..?! આંકડા જુઓ આંકડા..! આ ખેલ મહાકુંભ અને કલા મહાકુંભ તમે નજરે જઈને જોઈ આવો તો ખબર પડશે..! કે જેટલા રૂપિયાનું આંધણ થાય છે તેટલા ખેલાડીઓ તૈયાર થાય છે..? તેટલા કલાકારો તૈયાર થાય છે..?!"

"આ તો હળહળતુ જુઠ્ઠાણુ છે... સાવ પાયાવિહોણા આક્ષેપો છે... લાખોની સંખ્યામાં ખેલાડીઓના રજીસ્ટ્રેશનો થાય છે..! અને વોર્ડથી લઈ વિભાગ સુધી કે રાજ્યકક્ષાએ કેટકેટલી સ્પર્ધાઓ થાય છે... જુઓ તો ખરા... પછી ભરડે જ રાખો છો..!!"

"સાહેબ..! તમે પણ કાન ખોલીને સાંભળી લ્યો... આ મહાકુંભોમાં રજીસ્ટ્રેશન કેવી રીતે થાય છે... તે તમને ખબર છે..?! બધી સ્કૂલોને ટાર્ગેટ આપવામાં આવે છે... રમે - ના રમે તે જોવાનું નહિ... એન્ટ્રી ભરાવી જોઈએ..! બાકી તો વાસ્તવિકતા તો શરમજનક છે સાહેબ શરમજનક... બધુ કાગળ ઉપર રૂડુ ને રૂપાળુ... બાકી..."

"... એટલે બધુ ધૂપ્પલ ચાલે છે..?!"

"સાહેબ... જે ગણો તે... પણ પૈસાનો ધુમાડો થાય છે..! સારા દેખાવામાં ને સારૂ દેખાડવામાં..!! રૂપાળી જાહેરાતો થાય છે... અખબારી યાદીઓ છપાય છે... ફોટાઓ છપાય છે... અને આપણે માનીએ છીએ કે રમે ગુજરાત.. ગાશે ગુજરાત... પણ બીજી બાજુ ખુબજ ચિંતાજનક છે સાહેબ..."

"શું વાત કરો છો..!?! સાવ આવું છે..?!"

● અનુસંધાન પાન-૭ પર

# રાજકીય કિન્નાખોરી દાખવી જિલ્લામાં વિકાસના કામોમાં રૂકાવટ ઉભી કરાય છે : કોંગી સભ્યો

**જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ હાઈમાસ્કના કામો માટે દરેક તાલુકાને બે કરોડ રૂ. ફાળવવા તેમજ જરૂર પડ્યે દરેક સભ્યને રૂ. ૧૫ લાખની મર્યાદામાં વિસ્તાર વિકાસની ગ્રાન્ટ હાઈમાસ્કના કામો માટે ફાળવવા પ્રસ્તાવ કરાયો : સરઢવના તલાટીની બદલીના મુદ્દે પ્રમુખ જાતે ખફા થયા અને દહેગામ તાલુકામાં મુકવા પ્રસ્તાવ પસાર કર્યો તો બાંધકામના કર્મચારીને ગેરવર્તણુંક માટે દંડ ફટકારી સેવાપોથીમાં નોંધ કરવા પ્રસ્તાવ કરાયો**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં વહીવટીતંત્ર પર સભ્યોએ હલ્લાબોલ બોલાવતાં વિકાસની વાતો કરતી જ સરકાર જિલ્લા પંચાયત સામે રાજકીય કિન્નાખોરી દાખવી વિકાસને હાંસિયામાં ધકેલી દીધો હોવાનો મત સભ્યોએ રજુ કર્યો હતો.

રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી હાઈમાસ્કના કામો અટકાવી દેવાની વિકાસ કમિશનરની સૂચનાને પગલે ૪૫ મિનિટથી પણ વધુ સમય સુધી આ મુદ્દે ચર્ચાઓ ચાલી હતી.

આ મુદ્દે જે વહીવટીય મંજૂરી અપાઈ ગઈ છે અને કામો પૂર્ણ થયા છે તેની ચુકવણી તેમજ જે કામો પ્રગતિ હેઠળ છે તે પૂર્ણ કરી તેની ચુકવણી કરવામાં આવે તેવો સભ્યોએ લાગણી વ્યક્ત કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યુ હતુ કે વિકાસ કમિશનરની સૂચના પછી અમે વિકાસ કમિશનરને પત્ર લખી રજુઆત કરી માર્ગદર્શન માંગ્યુ છે પરંતુ હજુ કોઈ માર્ગદર્શન સરકાર તરફથી થઈ નહિ આવ્યાનું જણાવ્યુ હતુ.

આ બેઠકમાં કોમવાદ અને ભ્રષ્ટાચાર તંત્રના અધિકારીઓ કરી રહ્યાના ગંભીર આક્ષેપો પણ કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કર્યો હતો.

કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ પણ સામાન્ય સભાએ મંજૂર કરેલ કામો અંગે એક પણ તાલુકા વિકાસ અધિકારીએ સરપંચોને બોલાવી મંજૂર થયેલ કામો અંગેના કરાર કરવાની કામગીરી કરી નથી એ દુ:ખદ હોવાનું જણાવી રાજકીય કિન્નાખોરી કોની સૂચનાથી

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસની પાંચ મહિલા સદસ્યોની ગેરહાજરી

ગાંધીનગર, તા. ૧

જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં પાંચ મહિલા સદસ્યોની ગેરહાજરી ચર્ચાનો મુદ્દો બની હતી.

આજની સામાન્ય સભામાં ગેરહાજર રહેલ પાંચેય મહિલા સદસ્યો કોંગ્રેસ પક્ષની છે. સભાના આરંભ પૂર્વે સભ્યોની ગેરહાજરીને લઈ કેટલાક લોકો રાજકીય નવાજૂની થશે કે કેમ ? તેવી અટકળોને લઈ ચર્ચા કરતા હતા પરંતુ કોઈ જ રાજકીય અટકળો સાચી પડી ન હતી.

## સભા ૧૫ મિનિટ મોડી શરૂ થઈ !

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા પંચાયત પ્રમુખ સહિત કેટલાક સભ્યો ૧૫ મિનિટ મોડા પડતાં ૧૫ મિનિટ મોડી શરૂ થઈ હતી.

પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે સરદાર હોલમાં આજે સામાન્ય સભા મળી હતી. સામાન્ય સભા ૩ વાગે શરૂ થવાની હતી પરંતુ પ્રમુખ રામાજી ઠાકોર અને કેટલાક સભ્યો ભાજપ સહિતના ૧૩ મિનિટ મોડા સભાગૃહમાં પહોંચ્યા હતા. પ્રમુખ પહેલાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ સહિત અધિકારીઓ અને ૧૨થી વધુ સભ્યો આવી પહોંચ્યા હતા પણ બધા જ પ્રમુખશ્રીની રાહ જોતા બેઠા હતા.




બાળકોના માથે જોખમ : પાટનગરના હાર્દસમા સેક્ટર-૭ની પ્રાથમિક શાળાની આ તસવીર ઘણા બધા ઈશારા કરે છે... શાળાના ઓરડાની છતની દશા વ્યક્ત કરતી આ તસવીરમાં બાળકો કેટલી બીક સાથે વર્ગખંડમાં બેસતા હશે... શિક્ષણ સુધારણાની જોરશોરથી થતી વાતોમાં પાટનગરની શાળામાં જ આ પ્રકારની દશા હોય તો બાકીની શાળાઓમાં શું દશા હશે એ ચિંતાનો વિષય છે... શાળાના વાલીઓ ઈચ્છે છે કે વહેલામાં વહેલી તકે સેક્ટર-૭ પગાર કેન્દ શાળાના ઓરડાની છતનું રિનોવેશન હાથ ધરાય...

# જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીને સરકારમાં પરત મોકલવા સામાન્ય સભામાં સર્વાનુમતે પ્રસ્તાવ પસાર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ આજે જિલ્લામાં સ્વાઈન ફલુના રોગચાળામાં ગંભીર નિષ્કાળજી દાખવનાર જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીને એક તરફી છુટા કરી સરકારમાં પરત મોકલવાનો સર્વાનુમતે પ્રસ્તાવ પસાર કર્યો છે. જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી મૃતક દર્દીના ત્યાં જવાના બદલે ગામમાં અન્ય સ્થળે જઈ ઘર્ષણની સ્થિતિ ઉભી કરી હોવાનો ગંભીર આક્ષેપ કોંગીના ધારાસભ્ય કામિનીબા રાઠોડે કર્યો હતો. તો પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલ ચેરમેન નરેશજી ઠાકોર, ચેરમેન અરવિંદ સોલંકીએ પણ અધિકારીની વર્તણુંકને લઈ નારાજગી વ્યક્ત કરી હતી. ડ્રાયવર માટે આઉટ સોર્સિંગ એજન્સીને તેમની પસંદગીનો ડ્રાયવર નહિ મુકે તો પોલીસ ફરિયાદ કરીશ તેવી ધમકી પણ આપી હોવાની વાતો સામાન્ય સભામાં રજુ થઈ હતી. એટલુ જ નહિ તે અંગે કરેલા એસએમએસનું પણ અરવિંદસિંહ સોલંકીએ વાંચન કરતાં સૌ ચોંકી ઉઠ્યા હતા. જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીએ એક તબક્કે ડ્રાયવર તેમને ફાળવવામાં આવ્યો ન હોવાની વાત કરી હતી તો બીજી જ ક્ષણે તેમની ગાડી બંધ છે તેવુ કારણ પણ રજુ કર્યુ હતુ પરંતુ સભ્યોએ તે વાત ગ્રાહ્ય રાખી ન હતી. એક તબક્કે સામાન્ય સભા ચાલુ હોવા છતાં તેઓ સભાખંડ છોડી જતા રહેતાં પુન: આ મુદ્દો ઉપસ્થિત કરાયો હતો કે શું સામાન્ય સભા પૂરી થઈ ગઈ છે. તેઓ કોની પૂર્વ મંજૂરી લઈ સભા છોડી ગયા છે. જો કે આ પછી તેમને સભામાં બોલાવવામાં આવ્યા હતા. સ્વાઈન ફલુના રોગચાળામાં તેમણે તેમની ફરજો અદા કરવામાં નિષ્કાળજી રાખી હોવાનું સભ્યોએ જણાવ્યુ હતુ. સ્વાઈન ફલુના મૃતક દર્દી માટેનો જે પ્રોટોકોલ નિયત થયો છે તેનુ પાલન પણ તેમણે કરાવ્યુ ન હોવાથી પરિસ્થિતિ વધુ વણસી હોવાનો મત પણ સભ્યોએ રજુ કરી તેમને એક તરફી છુટા કરી સરકારમાં પરત મોકલવા અંગેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

# રાજ્યમાં સ્વાઈન ફલુથી વધુ પના મોત : મૃત્યુ આંક ૩૫૯

ગાંધીનગર,તા. ૩૦

સ્વાઈન ફલુના કારણે ગુજરાતમાં વધુ પાંચ લોકોના મોત થયા છે. જ્યારે ૧૭૨ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. પાંચના મોત સાથે જ મોતનો આંકડો વધીને ૩૫૯ થઈ ગયો છે જ્યારે વધુ ૧૭૨ કેસો નોંધાતા જાન્યુઆરીથી લઈને ઓગસ્ટ સુધી કુલ કેસોની સંખ્યા વધીને ૫૨૨૦ સુધી પહોંચી ગયો છે. કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થયો છે.

સ્વાઈન ફલુથી મોતના મામલામાં ગુજરાત સૌથી અગ્રણી રાજ્ય પૈકી થઈ ગયું છે. ૨૦૦૯ બાદથી સ્વાઈન ફલુના કારણે ગુજરાતમાં ૧૬૮૩ મોત થયા છે અને ૧૫૯૨૭ કેસો નોંધાયા છે. સ્વાઈન ફલુને કાબૂમા લેવામાં સફળતા મળી રહી છે તેવા ગુજરાત સરકારના દાવાઓ છતાં સ્વાઈન ફલુના કારણે દરરોજ મોતનો સિલસિલો જારી રહ્યો છે. એકલા અમદાવાદ શહેરમાં સ્વાઈન ફલુના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે.

# જિલ્લાની ૪૪ શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું પમીએ લોકાર્પણ થશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની ૪૪ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું ૫ મી સપ્ટેમ્બરના રોજ લોકાર્પણ કરવામાં આવશે.

૫ મી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણીના ભાગરૂપે રાજ્યમાં પ્રથમ તબક્કામાં ૫૦૮ શાળાઓમાં આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું સામુહિક લોકાર્પણ કરવાનો નિર્ણય મંત્રીમંડળની બેઠકમાં લેવાયો હતો.

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અમદાવાદના શાહપુર વિસ્તારની પ્રા. શાળામાં આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરે તે સાથે જ રાજ્યની ૫૦૮ શાળાઓમાં સ્થાનિક પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આ લોકાર્પણ કાર્યક્રમ યોજવાનો નિર્ણય લેવાયો છે.

જિલ્લામાં જે ૪૪ શાળાઓમાં આ પ્રોજેક્ટનું લોકાર્પણ થવાનુ છે તેમાં ૩૧ શાળા ગાંધીનગર તાલુકાની છે, જ્યારે ૧૩ શાળા માણસા તાલુકાની છે. કલોલ અને દહેગામની પ્રા. શાળાઓનું બીજા તબક્કામાં લોકાર્પણ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાં ૪૪ શાળાઓના લોકાર્પણને લઈ શિક્ષણતંત્રએ તેની તૈયારીઓ હાથ ધરી દીધી છે. આખો પ્રોજેક્ટ સર્વશિક્ષા અભિયાન દ્વારા હાથ ધરવામાં આવી રહ્યો છે.

સરકારે અંદાજપત્રમાં ૧૫૦૦ શાળાઓમાં આ પ્રોજેક્ટ હાથ ધરવાની જાહેરાત કરી હતી. પ્રથમ તબક્કામાં ૫૦૮ શાળાઓ પસંદ કરાઈ છે. આ પ્રોજેક્ટ માટે સર્વ શિક્ષા અભિયાન દ્વારા વિશેષ તાલિમ પણ જે તે શાળામાં આપવી છે જે ઉલ્લેખનીય છે.



ગરબે રમે, આનંદે રમે... - અંબાજીના માર્ગો પર જય જય અંબેના જયઘોષ સાથે આગળ ધપી રહેલા પદયાત્રીઓ વિશ્રામના સમયે માતાજીના ગુણગાન કરતા ગરબા ગાય છે... આજે મોટાભાગના સંઘો ગોઝારીયા-વિસનગરથી આગળ વધ્યા હતા... માર્ગ પર સેવાકેન્દ્ર પર ભાવપૂર્વક માતાજીના ગરબા ગાતા પદયાત્રીઓની ઝલક નવરાત્રીના આગમનના અણસાર આપે છે...

# શહેરમાં ભયજનક વૃક્ષોની કટોતી અને ટ્રીમીંગ માટે સોમવારથી તંત્ર કામે લાગશે

**ગ-માર્ગ પર નમી પડેલા તોતિંગ વૃક્ષો દુર કરવા વનતંત્રની ટીમ કામે લાગશે : ભયજનક વૃક્ષો દુર કરવા સર્વે પણ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં વરસાદના અંતે હવે વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષો દુર કરવા તેમજ શહેરમાં ટ્રીમીંગની કામગીરી માટે ઝુંબેશ હાથ ધરવામાં આવશે. અગાઉ પણ તંત્ર દ્વારા જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. પરંતુ વરસાદી દિવસોમાં અનેક ઠેકાણે વૃક્ષો તેમજ માટી ડાળીઓ નમી પડતા ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા સર્વે હાથ ધરી જોખમી વૃક્ષો દુર કરવામાં આવશે. સોમવારથી નગરના ગ માર્ગ પર કામ શરૂ કરી દેવાશે.

શેહરમાં ચોમાસા પુર્વે વનતંત્ર દ્વારા સુકા તેમજ અન્ય જોખમી વૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન અંદાજિત ૩૦૦ જેટલા જોખમી વૃક્ષો દુર કરાયા હતા. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગોની આસપાસ વૃક્ષોની હારમાળા છે. જયારે ઘણીવાર વરસાદી દિવસોમાં નમી પડેલા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થતા નાગરિકોની સલામતી જોખમાઈ છે.

છેલ્લા કેટલાક સમયથી વરસાદના જોર વચ્ચે શહેરમાં કેટલાક ઠેકાણે વૃક્ષો ભયજનક હાલતમાં જોવા મળી રહયા છે. જેના લીધે વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ નમી પડેલી તોતિંગ ડાળીઓ દુર કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. સતત વરસાદમાં માટી પોલાણ થવાના લીધે નમી પડેલા તોતિંગ વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત છે. ત્યારે હવે વરસાદનુ જોર હળવુ થતા વનતંત્ર દ્વારા શહેરમાં ભયજનક વૃક્ષો અંગે સર્વે હાથ ધરી મુખ્ય માર્ગોની આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવશે.

શહેરના ગ માર્ગ પર ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાથી સ્થાનિક રહીશોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાં ત્વરિત અસરથી ભયનજક વૃક્ષો દુર કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. નગરના સેકટરોમાં પણ આંતરિક માર્ગો પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવાની અનિવાર્યતા છે. સેકટરોમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ સ્ટ્રીટ લાઈટ માટે આડશરૂપ બની છે. ત્યારે વનતંત્ર દ્વારા સેકટરોમાં પણ આંતરિક વિસ્તારોમાં ટ્રીમીંગ માટેનુ કામ હાથ ધરાશે.

# રખડતા ઢોર પકડવાની શરતી મંજુરી

**કમિશનર ઢોરવાડાની મરામત અંગે તપાસ કરી જરૂરી જણાયે ઢોર પકડવાની મંજુરી આપીએ**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિએ શહેરમાં રખડતા પશુઓને પકડવા માટેની શરતી મંજુરી આપી છે તેમજ ઢોરવાડાના મરામતનું કામ બરાબર થયું છે કે નહિ તેની કમિશનરે જાત તપાસ કરી અને આગળ વધવું તેમ જણાવ્યું છે.

આજે મનપા ખાતે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં અનિયમિત ચુકવણાંઓ જે કામોમાં થઈ હોય તે માટે જવાબદાર સૌ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવો પ્રસ્તાવ પણ પસાર કરેલ છે. જી.પી.એમ.સી. એકટની જોગવાઈઓનો ભંગ થયેલો જણાતાં

● અનુસંધાન પાન-૭ પર

J.M. ENVIRO STUDIES PVT. LTD.
Gandhinagar (Gujarat)
REQUIRED
Lab. Analyst Posts 4
(Quali.: M.Sc.Chem./Micro Biology/Env.Sci./B.Sc.)
Accountant Posts 1
(Exp.: 1 Yr. & Above)
contact@jmenvirostudies.com
Contact: 99984 20076

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com